ઘરવેરા પૂર્વ જા.નં. ૨૮૫

ઘરવેરા વિભાગ(પૂર્વ)
મહાનગરપાલિકા, ભાવનગર
તા.૨૩/૦૬/૨૦૧૫

**-: હુકમ :-**

**વિષય :-** મિલ્કત કરની આકારણી બાબતે.

**સંદર્ભ :-** (૧) સ્ટે.ક.ઠ.નં.૨ તા.૩૦/૦૪/૨૦૧૫.
(૨) સ.સ.ઠ.આંક નં.૨૭ તા.૨૮/૦૫/૨૦૧૫.

શ્રી સ્ટે.ક.ઠ.નં.૭૧ તા.૩૦/૦૪/૨૦૧૫થી આવેલ દરખાસ્ત મુજબ ભાવનગર મહાનગરપાલિકાની શ્રી સમગ્ર સભા ધ્વારા સ.સ.ઠ.આંક.૩૭ તા.૨૯/૦૯/૨૦૧૪થી ઘરવેરાની જુદી જુદી આકારણી પધ્ધતિઓમાં વિસંગતતાઓ દૂર કરવા યોગ્ય પ્રકારના નિર્ણયો લેવા સંદર્ભે રચવામાં આવેલ કમિટિની તા.૨૯/૦૪/૨૦૧૫ના રોજ યોજાયેલ મિટીંગમાં થયેલ નિર્ણય મુજબ સંદર્ભ (૨)થી ઠરાવ કરવામાં આવેલ છે.

સને ૧૯૯૭ની ક્ષેત્રફળ આધારીત આકારણી કરવાની પધ્ધતિ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અનુસાર કાર્પેટ સર્વે દરમ્યાન બીન આકારણી મિલ્કતની વેલ્યુબેઈઝ પધ્ધતિથી કરવામાં આવેલ છે, તેવા આસામીઓને વેલ્યુબેઈઝ પધ્ધતિ અનુસાર તથા મહાનગરપાલિકાની ૧૯૯૭ના ક્ષેત્રફળ આધારીત આકારણી પધ્ધતિ અનુસાર થતી આકારણી પૈકી જે રકમ ઓછી થતી હોય તે રકમ વસુલ લેવા અંગે આસામીની સંમતી લેવી હાલમાં કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ આ પ્રક્રિયા ઘણી જ લેંઘી(લાંબી) હોય, આ પ્રક્રિયા સરળ કરવી જરૂરી જણાતા આ રીતે આસામીની સંમતી મેળવી ૧૯૯૭ની નીતિ મુજબની રકમ વસુલ લેવામાં આવે જ છે, તો આસામી હેરાન ન થાય તે માટે એક પ્રોગ્રામ બનાવી આસામીને બંન્ને પધ્ધતિના બિલો કાઢી જે રકમ ઓછી હોય તે રકમ વસુલ લેવાથી આસામીઓને ધક્કા મટશે અને હેરાનગતી નહી રહે તેવું જણાવેલ હોય, આ બંન્ને ડીમાન્ડમાંથી ઓછી રકમની ડીમાન્ડ મુજબ વેરો વસુલવાની કાર્યવાહી કરવા સદરહુ કમિટિના થઈ આવેલ અભિપ્રાય મુજબ નિર્ણય કરવા સ્ટેન્ડિંગ કમિટિના થઈ આવેલ અભિપ્રાય મુજબ સામાન્ય સભા ધ્વારા મંજુરી અંગેનો સંદર્ભ (૨)થી ઠરાવ થઈ આવેલ છે.

આથી સામાન્ય સભામાં થયેલ નિર્ણય મુજબ બંન્ને પધ્ધતિના બિલ એક જ સાથે બનાવી, બંન્નેમાંથી જે ડીમાન્ડ ઓછી હોય, તે રકમની ડીમાન્ડ મુજબ વેરો વસુલવાની કાર્યવાહી કરવા આથી હુકમ કરવામાં આવે છે. સંબંધીત સર્વએ તે મુજબ અમલવારી કરવાની રહેશે.

કમિશ્નર
મહાનગરપાલિકા
ભાવનગર

**નકલ રવાના :-**

૧) ના.કમિ.શ્રી(જનરલ)
૨) ચીફ ઓડીટરશ્રી
૩) પ્રો.ટેકસ સુપ્રિ.શ્રી(પૂર્વ/પશ્ચિમ)
૪) એપેલેટ અધિકારીશ્રી (પૂર્વ/પશ્ચિમ)
૫) તમામ વોર્ડ કલાર્ક
૬) સંબંધીત પ્રકરણે

E:\DOCUMENTS\PANKAJBHAI\HUKAM 21062015.DOCX